ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# આજકાલ મોબાઈલની છત છે અને મોબાઈલ મેનર્સની અછત છે

## જાહેર કાર્યક્રમો હોય કે શ્રધ્ધાંજલિ સભા ગમે ત્યાં ગમે તે રીંગટોનમાં રણકી ઉઠતા મોબાઈલ ત્રાસ ફેલાવે છે

ગાંધીનગર, તા. ૨

'પ્રસંગની આમાન્યા' એવો શબ્દપ્રયોગ આપણે ત્યાં કરવામાં આવે છે, પરંતુ તે મોબાઈલના સંદર્ભમાં ઉપયોગ કરી શકાય કે નહીં તેનું આપણને ભાન કે જ્ઞાન નથી, કોઈ પણ જાહેર કાર્યક્રમ કે ઈવન શોકસભામાં અવારનવાર રણકી ઉઠતા મોબાઈલથી એટલું તો સમજી જ શકાય કે પૈસાથી મોબાઈલ ખરીદી શકાય, મેનર્સ નહિ, ગમે ત્યાં ગમે તેવી હોરીબલ રીંગટોનમાં રણકી ઉઠતા મોબાઈલનો કોલ ઉઠાવી 'નકટી' પ્રજા ઘાંટા પાડીને, છાતી ફુલાવીને જે રીતે વાત કરે છે તે જોઈ ખરેખર ભારતીય સંસ્કૃતિ પર દયા આવે છે.

**મોબાઈલ મેનર્સ શીખવતા એપ્લિકેશન ડાઉનલોડ કરવાનો સમય પાકી ગયો છે**

**સમયસર**

ગોસીપ-પંચાત કરવા માટેનું લેટેસ્ટ સાધન બની ચુકેલા મોબાઈલની ટેકનોલોજી હવે ફોર જી, ફાઈવ જી સુધી પહોંચી ચુકી છે. હવે તો મિનિટોમાં નહી, પરંતુ સેંકડોમાં આખેઆખી આખી ફિલ્મ ડાઉનલોડ થાય તેવી ટેકનોલોજી આવી રહી છે. ભારત જેવા દેશમાં ૧૨૫ કરોડની વસતી સામે ૯૨ કરોડથી વધુ મોબાઈલ યુઝર્સ છે. જે સતત વધી રહ્યા છે. મંદિરના પગથિયે બેસી બે પાંચ રૂપિયાની ભીખ માંગતા ભીખારી પાસે પણ હવે તો મોબાઈલ મળી રહે છે. ભારતમાં ભલે લોકોને ખાવાનું ન મળે, પીવાનું શુધ્ધ પાણી ન મળે પરંતુ મોબાઈલ અને મોબાઈલ નેટવર્ક જરુરથી મળી જાય છે. કોઈ ભૌતિક ચીજ કે કોઈ ટેકનોલોજીનો આટલી ઝડપી પ્રચાર-પ્રસાર નહીં થયો હોય જેટલો મોબાઈલ ટેકનોલોજીનો થઈ રહ્યો છે. છેલ્લા એક દોઢ દાયકામાં જ ખુબ વિકસી ગયેલી આ ટેકનોલોજીએ આપણી આસપાસ અધધ એપ્લિકેશન્સની ભરમાર ઉભી કરી દીધી છે. આ એપ્લિકેશન્સનો ઉપયોગ કેવી રીતે કરવો તેના ઈન્સ્ટ્રક્શન્સ અપાય છે. પરંતુ મોબાઈલ પર કેવી રીતે વાત કરવી તેની મેનર્સ શીખવવામાં આવતી નથી.

કોઈ જાહેર કાર્યક્રમ હોય કે શ્રધ્ધાંજલિ કાર્યક્રમ લોકોના મોબાઈલ ગમે ત્યારે અવનવી, જાતભાતની, ચિત્ર વિચિત્ર રીંગટોનમાં રણકી ઉઠે છે. ફિલ્મ જોવા ગયા હોવ કે કોઈ કાર્યક્રમમાં મોબાઈલને સ્વીચ ઓફ રાખવાની કે તેને વાઈબ્રેટર પર મુકવાની તસ્દી કોઈ લેતું નથી. પુછીએ તો કહે અગત્યનો કોલ આવી જાય તો... આહાહા જાણે કે તેઓ કોલ નહીં ઉપાડે તો દુનિયા ઉંધી થઈ જશે. ફોન ઉપાડી તો લીધો પરંતુ કાર્યક્રમમાં પણ સૌજન્યતા દાખવ્યા વિના કે ચુપચાપ બહાર નીકળીને વાત કર્યા વિના જોર જોરથી ઘાંટા પાડીને વાત કરવામાં જાણે સ્ટેટસ હોય તેમ આપણે મોબાઈલ પર વાત કરીએ છીએ. આજુબાજુના લોકોને ડીસ્ટર્બ થાય છે તેની આપણને પરવાહ જ નથી. હમણાં જ એક જોક વાંચ્યો 'મોબાઈલ, ઈન્ટરનેટની શોધ સમયની બચત કરવા માટે થઈ હતી...હાહાહા... મોબાઈલ નેટ હવે સમય બચાવતું નહી, સમય બગાડતું સાધન બની ગયું છે. વોટસએપ જેવા એપ્લિકેશને તો નખ્ખોદ વાળ્યું છે. પ્રાઈવેસી જેવી કોઈ ચીજ રહી નથી. પત્નિને પ્રસુતિની પીડા ઉપડી હોય કે પપ્પાને દવાખાને દાખલ કર્યા હોય.. તેના ફોટા પણ અપલોડ કરવાવાળા આપણી આસપાસ જ હોય છે. રાત્રે બે વાગ્યા હોય કે વહેલી સવારે સાત વાગ્યા હોય.. ચેટ ને નેટ ચાલુ જ હોય મોબાઈલ, નેટ અને તેના એપ્લિકેશન્સ પર તરતી એક આખી અલગ ભૌતિક દુનિયા રચાઈ છે. મોબાઈલનો ઉપયોગ કરવો જોઈએ, પરંતુ તેનું એડિકશન ન હોવું જોઈએ.' બાળકોને જેમ આપણે ખાવાપીવાની, વાત કરવાની, ચલાવવાની મેનર્સ શીખવીએ છીએ તેમ મોબાઈલના ઉપયોગની મેનર્સ પણ શીખવવી પડે તેવા દિવસો દુર નથી....

# ન્યૂ ગાંધીનગરમાંથી કિશોરનું અપહરણ

## જાણીતા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટના ૧૪ વર્ષીય દિકરાનું અપહરણ બાદ ૫૦ લાખની ખંડણીની માંગ કરાઈ : સી.એ.ના રહેઠાણ સિમંધર બંગ્લોઝના દરવાજેથી જ મોડી સાંજે સાડા આઠ વાગે ટયુશનથી આવતા ૧૪ વર્ષના દિકરાને ધારદાર હથિયાર બતાવી ત્રણ જણાં ગાડીમાં અપહરણ કરી ગયા હતા : પોલીસે જબરદસ્ત નાકાબંધી કરીને શોધખોળ શરુ કરી દેતા ગભરાઈ ગયેલા અપહ્યુત અપહરણકારોએ બે કલાકમાં છોકરાને છોડી મુકયો

ગાંધીનગર, તા.૨

ગાંધીનગરના જાણીતા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ રમેશભાઈ પુજારાના ધો-૧૦માં અભ્યાસ કરતાં ૧૪ વર્ષના દિકરાને ગઈ કાલે મોડી સાંજે તેમની સોસાયટીના ગેટની અંદર આવીને ફ્રંટી ગાડીમાં આવેલા ત્રણ અપહરણકારોએ ધારહાર હથિયાર બતાવીને અપહરણ કરી લેતા ચકચાર મચી જવા પામી હતી. સી.એ.નો દિકરો રાજ અને તેનો પિતરાઈભાઈ રાહુલ બંને સાથે ઘરે જઈ રહ્યા હતા ત્યારે અપહરણકારોએ રાજને ઉઠાવ્યો હતો અને રાહુલની સાથે મેસેજ મોકલાવ્યો હતો કે ઘરે જઈને કહેજે કે રાજ પાછો જોઈતો હોય તો ૫૦ લાખ તૈયાર રાખે...! પોલીસને આ અપહરણ સંદર્ભે જાણ થતાં ચુસ્ત નાકાબંધી કરી નાંખી સઘન તપાસ શરુ કરી દેતા ગભરાઈ ગયેલા અપહરણકારોએ રાજને સે-૫ ખાતે એક ગલ્લા પાસે બે જ કલાકમાં છોડી મુકી ફરાર થઈ ગયા હતાં. પોલીસે અપહરણકારો સુધી પહોંચવા ચાર ટીમો બનાવી તપાસનો ધમધમાટ શરુ કર્યો છે.

ગાંધીનગર નજીક કુડાસણ ગામની સીમમાં આવેલા સીમંધર બંગ્લોઝમાં રહેતા અને શહેરના સેકટર-૧૧માં ઓફીસ ધરાવતા સી.એ. રમેશભાઈ પ્રભુલાલ પુજારાના ધો-૧૦માં અભ્યાસ કરતાં ૧૪ વર્ષના દિકરા રાજ પુજારાનું ત્રણ શખ્સોએ અપહરણ કરીને રૂ. ૫૦ લાખની ખંડણી માંગી હતી. સાડા આઠ વાગ્યાના અરસામાં રાજ અને તેનો પિતરાઈ ભાઈ રાહુલ બંને રાધે આર્કેડ પાસેથી ટયુશન પતાવીને ઘર તરફ જઈ રહ્યા હતા ત્યારે સિમંધર બંગ્લોઝના દરવાજાની અંદરથી જ રાજનું અપહરણ કરવામાં આવ્યું હતું. ફ્રંટી ગાડી લઈને આવેલા ત્રણ અપહરણકારો પૈકી એકે રાજના ગળે ધારીયા જેવું ધારદાર હથિયાર મુક્યું અને અવાજ કરીશ તો મારી નાંખીશ કહીને ગાડીમાં નાંખી દીધો. ત્યાર બાદ રાહુલને કહ્યું કે ઘરે જઈને કહેજે કે રાજ પાછો જોઈતો હોય તો ૫૦ લાખ તૈયાર રાખે તેમ કહીને રાહુલને જવા દીધો અને રાજને ગાડીની

● અનુસંધાન પાન-૭ પર

### રાજનું અપહરણ કરીને ખંડણી માંગવાનો એક મહિનાથી પ્લાન હોવાની આશંકા

એકાદ મહિના પહેલા રાજના પિતા સી.એ. રમેશભાઈ પુજારાના મોબાઈલ પર એક ફોન આવ્યો હતો. જેમાં દિક્ષીતભાઈ બોલતા હોવાનું કહીને રમેશભાઈ સાથે વાત કરી હતી કે તમારો દિકરો ધો-૧૦નું ટયુશન કરે છે ત્યાં કેવું ભણાવે છે? મારા દિકરાને પણ ત્યાં મુકવો છે...! ત્યારે થયેલી વાતચીત બાદ રમેશભાઈએ આ નંબર દિક્ષીતભાઈનાં નામથી મોબાઈલમાં સેવ કરી દીધો હતો. ગઈ કાલે અપહરણકારોએ ઘરના લેન્ડલાઈન નંબર પર ફોન કર્યો પરંતુ કોઈ વૃદ્ધાએ ફોન ઉપાડતા ફોન કાપી નાંખ્યો હતો. ત્યાર બાદ રમેશભાઈના મોબાઈલમાં ફોન કર્યો ત્યારે દિક્ષિતભાઈ લખેલું આવ્યું હતું અને રૂ. ૫૦ લાખ માંગ્યા ત્યારે સામેથી પુછયું કે તમે દિક્ષીતભાઈ બોલો છો ને...? તો ફોન કટ કરી દીધો હતો. જેથી દિક્ષીતભાઈ નામ સાચું હોય કે ખોટું પરંતુ એક મહિનાથી પ્લાન હોય તેવી શકયતા વર્તાઈ રહી છે.

### અપહરણકારો સુધી પહોંચવા પોલીસની ચાર ટીમ દોડાવાઈ

સી.એ.ના દિકરા રાજનું અપહરણ કરીને ૫૦ લાખ ખંડણી માંગ્યા બાદ બે જ કલાકમાં અપહ્યુતને મુકત કરીને ત્રણ અપહરણકારો ફરાર થઈ ગયા છે તેમની ગાડીના નંબર તથા મોબાઈલ નંબરને આધારે પોલીસે અપહરણકારો સુધી પહોંચવા તપાસ શરુ કરી છે તે ઉપરાંત અપહરણકારોને પકડવા માટે પોલીસની ચાર ટીમ દોડતી કરી દેવામાં આવી છે.

### સે-૫નાં ગલ્લાવાળાએ ૫૦ રૂપિયા આપીને રિક્ષામાં ઘરે મોકલ્યો...!

અપહરણકારો ગભરાઈને રાજને સે-૫માં એક ગલ્લા પાસે મુકીને ભાગી ગયા હતાં. રાજ રડતો રડતો ગલ્લા પાસે ગયો અને તેની સાથે બનેલી સમગ્ર ઘટનાની જાણ ગલ્લાવાળાને કરતાં ગલ્લાવાળા કાકાએ રાજને રૂ. ૫૦ આપ્યા અને રિક્ષામાં બેસાડીને ઘરે મોકલ્યો હતો. ઘરે સહી સલામત પહોંચી ગયેલા રાજને જોઈને પરિવારજનોએ હાશકારો અનુભવ્યો હતો.



જોખમ - વિજળીનો કરંટ લાગે નહીં, ખુલ્લા વાયરોથી સાચવવું, પાવર જનરેશનની આસપાસ રહેવું નહીં વગેરે વગેરે જનહિતમાં સુચનાઓ આપનાર સરકારનો વિદ્યુત વિભાગના સીધા નિયંત્રણ હેઠળ ગાંધીનગરની સ્ટ્રીટ લાઈટમાં અસંખ્ય સ્થાનોએ તસવીર જેવું દશ્ય દશ્યમાન થાય છે.... (તસવીર : દિપક જાની)

# ગાંધીનગરમાં જૂન મહિનો સાંસ્કૃતિક કાર્યક્રમોથી ભરચક

## મોટાભાગની કલા સંસ્થાઓના સભ્યપદ ભરાઈ જતાં સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન આ જ મહિને

ગાંધીનગર, તા. ૨

છેલ્લા કેટલાક વર્ષોથી ગાંધીનગર સામાજિક-સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનું હબ બનતુ જાય છે. જાણીતા કલાકારો અવારનવાર અહીં આવી પોતાના કાર્યક્રમો આપે છે. પ્રવેશ પરીક્ષાઓ પૂર્ણ થતા અને સાથે જ મોસમ પણ સાનુકૂળ બનતા ગાંધીનગરમાં સાંસ્કૃતિક કાર્યક્રમો શરૂ થઈ ચુકયા છે. આ મહિને તો સત્તર દિવસ શહેરમાં મોટા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

ગાંધીનગરની મોટી કલા સંસ્થાઓ જેવી કે ગાંધીનગર કલ્ચરલ ફોરમ, આર્ટ લવર્સ, કલાગુર્જરી, શિવરંજની, થગનાટના સભ્યપદો ભરવાની કામગીરી પૂર્ણ થઈ ચુકી છે. ગરમી ઓછી થતાં જૂન મહિનામાં આ સંસ્થાઓ સહિતની જુદી જુદી સંસ્થાઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો, નાટકો તથા સંગીત-નૃત્યના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. ટાઉનહોલ આખા મહિના માટે લગભગ બુક છે. સતત સત્તર દિવસ શહેર મોટા સાંસ્કૃતિક કાર્યક્રમોથી ગુંજશે. મહિનાના પ્રારંભે જ ત્રણ દિવસ હાસ્યરસથી ભરપૂર નાટક 'પરણે તે પત્નિને શરણ'નું આયોજન આર્ટ લવર્સ દ્વારા કરવામાં આવ્યું છે તે પછી ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા સળંગ આઠ દિવસ સભ્યો માટે 'હેલ્લો પાકિસ્તાની હું ગુજરાતી' નાટકનું આયોજન કરવામાં આવ્યું છે. ગઝલના વિશ્વમાં લટારા મરાવતો કાર્યક્રમ 'રજુઆત' જાણીતા ગાયક સ્યામલ-સૌમિલ દ્વારા

● અનુસંધાન પાન-૭ પર

# આજે ધો-૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ

## ગાંધીનગરના ૧૩ હજાર સ્ટુડન્ટસનું ભાવિ નિર્ધારીત થશે : પરિણામને લઈ વાલી-વિદ્યાર્થીઓમાં ઉત્સુકતા

ગાંધીનગર, તા.૧

ધો-૧૨ સામાન્ય પ્રવાહનું સોમવારે પરિણામ જાહેર થશે. ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ ૨૦૧૩માં લેવાયેલી આ પરીક્ષામાં જિલ્લામાંથી ૧૩ હજારથી વધુ વિદ્યાર્થીઓ અપિયર થયા હતા. સોમવારે શિક્ષણ બોર્ડની વેબસાઈટ પર પરિણામ જાહેર થશે.

માર્ચ મહીનામાં લેવાયેલી બોર્ડ પરીક્ષાના અંતે વેકેશનનો સમયગાળો પૂર્ણ થવાના આરે છે ત્યારે તબક્કાવાર બોર્ડ પરીક્ષાના પરિણામો જાહેર કરવામાં આવી રહ્યા છે. થોડા સમય અગાઉ જ ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું. જયારે હવે તા. ૩ જૂનના રોજ ધો-૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ જાહેર કરવામાં આવશે. શિક્ષણબોર્ડની વેબસાઈટ પર સવારે સામાન્ય પ્રવાહનું પરિણામ જાહેર થશે. ધો-૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષા દરમિયાન જિલ્લામાંથી એક પણ કોપી કેસ નોંધાયો ન હતો જયારે જિલ્લામાંથી ૧૩,૮૪૦ જેટલા વિદ્યાર્થીઓએ

● અનુસંધાન પાન-૭ પર


GOOD DESIGN IS GOOD BUSINESS

We design...
News Paper Ad
Invitation Cards
Visiting Cards
Letter Pad
Brochure
Books
& anything...

We design your desire...

PARAM CREATIONS
504, Shalin Complex, Sector-11, Gandhinagar.
079-23243644. paramcreation@gmail.com




**સ્મરણાંજલિ**
૮૪મી જન્મજયંતિએ



**સ્વ. ચીમનભાઈ પટેલ**
(પૂર્વ મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય)
પ્રાર્થના સભા : તા. ૩-૬-૨૦૧૩, સોમવાર
સવારે ૮-૩૦ થી ૯-૩૦ કલાકે નર્મદા ઘાટ, ગાંધીનગર
આવો, સૌ સાથે મળી શ્રદ્ધાસુમન અર્પણ કરીએ
**નરેન્દ્ર એમ. શાહ**
ચેરમેન, પેન્સનર્સ સેલ,
ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
ડીરેક્ટરશ્રી, ગાંધીનગર નાગરિક કો.ઓ. બેંક લિ.



૮૪મી જન્મજયંતી નિમિત્તે
અમારી હાર્દિક સ્મરણાંજલી



સ્વ. મુખ્યમંત્રીશ્રી ચીમનભાઈ પટેલ
પ્રાર્થના સભા









SANGHI CEMENT
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District

VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com